# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. **અમદાવાદ મેડિકલ એસોસિએશને જાહેર કર્યું છે કે , વિમાની દુર્ઘટનામાં ચાર ડોક્ટર અને એક તબીબની પત્નીનું મોત થતાં મૃત્યુઆક વધ્યો.**
2. **અમદાવાદની વિમાન દુર્ઘટનામાં મૃતકોના 222 જેટલા પરિજનોના ડી .એન.એ. ટેસ્ટ કરાયા.**
3. **રાજ્ય સરકાર દ્વારા અમદાવાદની વિમાન દુર્ઘટના બાદ યુદ્ધની ધોરણે રાહત અને બચાવ કામગીરી કરવામાં આવી.**
4. **દિવંગત વિજય રૂપાણીનો પુત્ર વિદેશની વહેલી સવારે અમદાવાદ પહોંચ્યો . આજે રાજકોટમાં શાળા અને વેપાર ધંધા બંધ રાખીને સ્વર્ગસ્થ રૂપાણીને રાજકોટ શોકાંજલી અર્પશે.**
5. **ખેડૂતો પાસેથી આજથી ટેકાના ભાવે ઉનાળુ મગની ખરીદી શરૂ કરવામાં આવશે.**
6. **રાજ્યમાં સ્થાનિક સ્વરાજની યોજાનારી ચૂંટણી અગાઉ 751 જેટલી પંચાયતો અને બેઠકો સંપૂર્ણ બિનહરીફ જાહેર.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AI FLIGHT-IMA

ઇન્ડિયન મેડિકલ એસોસિએશનના ગુજરાત પ્રમુખ મેહુલ શાહે જણાવ્યું છે કે , ગુરુવારે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક એર ઇન્ડિયાની ફ્લાઇટ AI 171 ડોક્ટરના હોસ્ટેલમાં ક્રેશ થતાં ચાર મેડિકલ વિદ્યાર્થીઓ અને એક ડોક્ટરની પત્નીનું મોત થયું હતું. તેમણે એમ પણ ઉલ્લેખ કર્યો હતો કે, ઇજાગ્રસ્તોને મદદ કરવા અને હોસ્પિટલ કેમ્પસ અને રાજ્ય સરકારની મદદ માટે 100 થી વધુ ડોક્ટરો દુર્ઘટના સ્થળે પહોંચ્યા હતા.

શ્રી શાહના જણાવ્યા મુજબ , હોસ્ટેલ વિસ્તારમાં 45 થી વધુ મેડિકલ વિદ્યાર્થીઓને બચાવી લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે IMA આ દુ:ખદ ઘટનાને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અધિકારીઓના સંપર્કમાં છે.

ફ્લાઇટમાં કુલ 242 લોકો સવાર હતા , જેમાં 169 ભારતીય નાગરિકો, 53 બ્રિટિશ નાગરિકો, સાત પોર્ટુગીઝ નાગરિકો અને એક કેનેડિયન નાગરિક, તેમજ 12 ક્રૂ સભ્યો હતા. ભારતીય મૂળનો ફક્ત એક જ વ્યક્તિ બચી ગયો હતો.

---

# PLANE CRESH

એર ઇન્ડિયાના વિમાન બોઇંગ 787ના અકસ્માતના કારણે દેશ-વિદેશમાં હજારો પરિવારો શોકમગ્ન બન્યા છે. અકસ્માતના એપી સેન્ટર જેવી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દેશ-વિદેશથી લોકોના સ્વજનો પહોંચી રહ્યા છે.

ગઇકાલે જ્યારથી અકસ્માતના સમાચાર વેગીલા બન્યા છે , ત્યારથી આરોગ્ય તંત્ર, પોલીસ તંત્ર , અને સુરક્ષા તંત્ર ખડેપગે છે , અને અસરગ્રસ્ત પરિવારોને સહાયરૂપ થવા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સાંભળો અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ,,.

**(વોઇસકાસ્ટ- અપર્ણા ખૂંટ)**

---

# DNA

અમદાવાદમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનાના મૃતકોના મૃતદેહોની ઓળખ કરવા માટે D.N.A. ટેસ્ટ લેવામાં આવી રહ્યાં છે. મૃતકોના પરિજનોના ડીએનએ લઇને ઓળખ કરીને મૃતદેહ સોંપાઇ રહ્યાં છે. અત્યાર સુધીમાં 222 જેટલા સેમ્પલ લેવામાં આવ્યાં છે. જ્યારે અન્ય સેમ્પલ આજે લેવામાં આવશે. આ દુર્ઘટનામાં માર્યા ગયેલા ક્રૂ મેમ્બરમાંથી પાંચના પરિજનો હજુ સુધી અમદાવાદ પહોંચી શક્યા નથી તેઓ અમદાવાદ પહોંચ્યા બાદ તેમના સેમ્પલ લેવાની કામગીરી થશે. જ્યારે D.N.A.ના ટેસ્ટ પૂર્ણ કરીને રિપોર્ટ મેળવ્યા બાદ રવિવાર સાંજ સુધીમાં તમામ મૃતદેહો પરિજનોને સોંપી દેવામાં આવશે.

---

# PLANE CRASH – DISASTER MANAGEMENT

**અમદાવાદ વિમાન દુર્ઘટનામાં રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે બચાવ – રાહત અને સારવારની કામગીરીથી આપત્તિ વ્યવસ્થાપનનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂં પાડ્યું છે.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલ..**

## (વોઇસકાસ્ટ – રીટા દવે)

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં આર્મી , રેપિડ એક્શન ફોર્સ , NDRF – SDRF, પોલીસ, ફાયરબ્રિગેડની ટીમો તત્કાળ બચાવ રાહત કામગીરીમાં જોડાઇ હતી. ઇજાગ્રસ્તોની સારવાર માટે ગ્રીન કોરીડોર બનાવવામાં આવ્યો હતો. સિવિલ હોસ્પિટલમાં ચાર સનદી અધિકારીઓ અને SEOCમાં 16 નાયબ કલેક્ટર , 16 મામલતદારની ટીમો કામે લાગી હતી. સિવિલમાં 24X7 રાઉન્ડ ધી ક્લોક કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. મૃતકોના પરિવારજનો માટે રહેઠાણ અને વાહન વ્યવહાર ની સુવિધા ઉભી કરવામાં આવી છે. ડીએનએ પરિક્ષણ માટે 36 નિષ્ણાંતોની સેવા લેવામાં આવી.

દુર્ઘટના સ્થળની આસપાસના રહેણાંક વિસ્તારના ભોગ બનેલા લોકો પૈકીના આઠ વ્યક્તિઓના મૃતદેહોની ઓળખ થતાં તેમના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. 219 જેટલા સંબંધીઓના ડીએનએ ટેસ્ટ કરવા માટે 219 જેટલા સંબંધીઓના લોહીના નમૂના લેવામાં આવ્યા છે. દુર્ઘટનામાં 50 જેટલા ઇજાગ્રસ્ત લોકોને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જેમાંથી 16 ને આઉટડોરના અને 31 ને ઇન્ડોર દર્દી તરીકે સારવાર અપાઇ રહી છે.

રીટા દવે, આકાશવાણી સમાચાર,અમદાવાદ..

---

# RUPANI SHARDHANJALI

અમદાવાદમાં સર્જાયેલી વિમાનની દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન થયું હતું. ત્યારે વિદેશ સ્થિત તેમના પરિવારજનો અમદાવાદ પહોંચ્યા હતા ગઇકાલે

તેમના પત્ની અંજલી રૂપાણી અને તેમના દીકરી અમદાવાદ પહોંચ્યા બાદ આજે વહેલી સવારે તેમનો પુત્ર ઋષભ પણ અમેરિકાથી અમદાવાદ પહોંચ્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રધ્ધાંજલી અર્પી હતી.. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે સંગઠનમાં લાંબા સમય સુધી કામ કર્યું. પ્રદેશ પ્રમુખ તરીકે સંગઠનને મજબુત બનાવવું હોય કે પછી મુખ્યમંત્રી તરીકે ગુજરાતની વિકાસયાત્રાને ગતિશીલ રાખવામાં વિજયભાઈએ દરેક જવાબદારી પૂરી નિષ્ઠાથી નિભાવી. વિશ્વાસ જ નથી થઈ રહ્યો કે વિજયભાઈ હવે આપણી વચ્ચે નથી. સ્વભાવે શાંત અને વિચારશીલ રૂપાણીની સંગઠન પ્રત્યેની વફાદારી અને અનુશાસનપૂર્ણ અભિગમ અદ્ભુત હતો. થોડા દિવસો પહેલા જ તેમની સાથે મુલાકાત થઈ હતી અને પંજાબમાં સંગઠનને લગતા વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા થઈ. તેમનાં ધર્મપત્ની અંજલિબેન રૂપાણી સાથે વાત કરીને ઊંડી સંવેદના વ્યક્ત કરી. દુખની આ ઘડીમાં સમગ્ર ભાજપા પરિવાર તેમની સાથે છે. ભગવાન તેમના ચરણોમાં દિવંગત આત્માને સ્થાન આપે.

દિવગંત વિજય રૂપાણીના નિધન અંગે શોક વ્યક્ત કરવા આજે રાજકોટ શહેર સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા તમામ 600 જેટલી સ્વનિર્ભર શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.. જ્યારે મંડળ દ્વારા શહેરની સરકારી અને અનુદાનિત શાળાઓ માં પણ શૈક્ષણિક કાર્ય બંધ રાખવા માં આવે તેવી અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત આજે રાજકોટમાં વેપાર રોજગાર પણ બંધ રાખીને વિમાની દુર્ઘટનાના મૃતકોને શ્રધ્ધાંજલી અર્પવામાં આવશે. કેન્રીરાય મંત્રી સી.આર.પાટીલ પણ દિગવંત વિજય રૂપાણીને શ્રધ્ધાજંલી અર્પણ કરી હતી.

---

# MALLIKARJUN-KHADGE -AHMEDABAD

કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે આજે સાંજે અમદાવાદ પહોંચી વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપશે. તેઓ

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ઘાયલો અને શોકગ્રસ્ત પરિવારોને મળશે અને દુ:ખદ વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લેશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા મૃતકોના આત્માની શાંતિ માટે કેન્ડલ માર્ચ નું આયોજન પાલડી કોચરબ આશ્રમ ખાતે કરવામાં આવ્યું હતું.

પાટણ ખાતે ગઈકાલે કોંગ્રેસ દ્વારા શહેરના બગવાડા દરવાજા ચોકમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત પાટણ ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા પણ શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી.

---

# E-PORTAL FARMER

ખેડૂતો પાસેથી આજથી ટેકાના ભાવે ઉનાળુ મગની ખરીદી શરૂ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2024-25 માટે મગના પાક માટે ટેકાનો ભાવ 8 હજાર 682 પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો હતો. વર્ષ 2024-25માં ત્રીજા એડવાન્સ અંદાજ મુજબ ગુજરાતમાં ઉનાળુ મગનું કુલ વાવેતર 55 હજાર 610 હેક્ટર, ઉત્પાદન 70 હજાર 870 મેટ્રિક ટન તથા ઉત્પાદકતા 1 હજાર 274.27 કિગ્રા પ્રતિ હેક્ટર છે.

ટેકાના ભાવે ઉનાળુ મગના વેચાણ માટે નાફેડના ઇ-સમૃધ્ધિ પોર્ટલ પર રાજ્યના કુલ 23 હજાર 488 ખેડૂતોએ નોંધણી કરાવી છે. રાજ્યમાં ઉનાળુ મગના વાવેતરને ધ્યાને લઈને PSS હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી કુલ 17 હજાર 713 મેટ્રીક ટન જથ્થાની ખરીદી કરવામાં આવશે. ઉનાળું મગની સરેરાશ

ઉત્પાદકતા ધ્યાને લેતા પ્રતિ ખેડૂત મહત્તમ 1 હજાર 500 કિગ્રા મગનો જથ્થો ખરીદવામાં આવશે

---

# LOCAL BODY ELECTION

રાજ્યમાં સ્તાનિક સ્વરાજની 22મી જૂનના રોજ ચૂંટણી યોજનારી છે. ગ્રામ પંચાયત સામાન્ય, વિભાજન, મધ્યસત્ર ચૂંટણી-2025 સંદર્ભે 751 જેટલી પંચાયતો અને બેઠકો સંપૂર્ણ બિનહરીફ જાહેર કરવામાં આવી છે . આઠ હજાર 88 જેટલી ગ્રામ પંચાયતોની સામાન્ય, મધ્યસત્ર વિભાજન પેટા ચૂંટણીઓ યોજાનાર હતી. આ ચૂંટણીઓ માટે તા. 11-06-2025ના રોજ ઉમેદવારી પરત ખેચ્યા બાદ રાજ્યમાં ચૂટણીનું ચિત્ર સ્પષ્ટ બની ગયુ છે.. ત્યારે જ્યાં ચૂંટણીઓ થઇ રહી છે ત્યા ઉમેદવારો દ્વારા ચૂટણી પ્રચાર જોરશોરથી થઇ રહ્યો છે

---